# કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# ગોધરા-૩૮૯૦૦૧

## An Expert Talk on
## "Bio Waste Management for Clean Energy"

આણંદ કૃષિ યુનિવર્સિટી ની કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા ખાતે "એડવાન્સડ સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ટ્રેઈનર્સ ટ્રેઈનીંગ ઓન એગ્રિકલ્ચરલ એંજિનિયરિંગ બેજ્ડ ઇન્ટરવેનસનસ" પ્રોજેક્ટ અને G- 20 સમિટ -૨૦૨૩ થીમ અંતર્ગત રિન્યુએબલ એનર્જી એંજીનિયરિંગ વિભાગ દ્વારા Clean Energy for all પ્રવૃત્તિ અંતર્ગત "Bio Waste Management for Clean Energy" વિષય પર ઓનલાઈનના માધ્યમથી નિષ્ણાત વ્યાખ્યાનનું આયોજન તારીખ ૨૮/૦૭/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં કોલેજના વિભાગીય વડાશ્રીઓ, અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તેમજ કોલેજમાં અભ્યાસ કરતા સર્વે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ મળી ને કુલ ૪૫ સહભાગીઓએ લાભ લીધેલ હતો. સદર વ્યાખ્યાન નું આયોજન ડૉ. આર. સુબ્બૈયાહ, આચાર્ય અને વિધ્યાશાખાઅધ્યક્ષશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી, ગોધરા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું. વ્યાખ્યાન ની શરૂઆતમાં ડૉ. ડી. કે. વ્યાસ, સહ પ્રાધ્યાપક અને વડા તથા Clean Energy for all પ્રવૃત્તિના કન્વીનર દ્વારા પધારેલ મહેમાનોનું શાબ્દિક પ્રવચન આપી સ્વાગત કરેલ હતું.

આ કાર્યક્રમમાં નિષ્ણાત વ્યાખ્યાનકાર તરીકે ડૉ. એન એલ. પન્વર, સહ પ્રાધ્યાપક અને વડા, રિન્યુએબલ એનર્જી એંજીનિયરિંગ વિભાગ, કોલેજ ઓફ એન્જીનીયરીંગ અને ટેકનોલોજી, એમ. પી. યુ. એ. ટી, રાજસ્થાન જેઓ ઓનલાઈનના માધ્યમથી "Bio Waste Management for Clean Energy" વિષય નિષ્ણાત વ્યાખ્યાન આપેલ હતું. જેમાં કૃષિ આડપેદાશોની મદદથી ઉર્જા ઉત્પાદન કરવા માટેની જુદી જુદી પધ્ધતિઓ વિષે માહિતી આપી હતી જેવીકે બાયોચાર કેવી રીતે બનાવવો, બાયોમાસ ગેસીફિકેશન, બાયો ડાઈજેશન વિષે માહિતગાર કરવામાં આવેલ હતા. વધુમાં ઉર્જા ઉત્પન્ન કરવા માટે ચાર જુદા જુદા જનરેશન જેવા કે ફર્સ્ટ , સેકંડ, થર્ડ, અને ફોર્થ જનરેશન વિષે માહિતી આપી અને તેનો ઉપયોગ કરવાથી પ્રદુષિત થતા વાતાવરણને કેવી રીતે બચાવી શકાય તેના વિષે જણાવેલ હતું.
















સદર ઓનલાઈન લેકચરનું સંચાલન જીજ્ઞાશા બલ, અનુસ્નાતક વિદ્યાર્થી (આર. ઈ. ઈ. વિભાગ) દ્વારા કરવામાં આવેલ હતું. તાલીમના અંતે ઈજ. જે. શ્રવણકુમાર,મદદનીશ પ્રાધ્યાપક અને Clean Energy for all પ્રવૃત્તિના કો કન્વીનર, આર. ઇ. ઇ. વિભાગ દ્વારા આમંત્રિત મહેમાનો તથા ઉપસ્થિત રહેલ સર્વેની આભાર વિધિ કરવામાં આવી હતી.